# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-08-2024** **Evening : 7.50 to 8.00**

**Day : Tuesday** **National News**

## આકાશવાણી સમાચાર મિતલ પટેલ વાંચે છે.

*******************************************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદીમીર પુતિન સાથે ટેલિફોનિક વાતચીત દરમિયાન રશિયા યુક્રેન યુદ્ધ વિશે ચર્ચા કરી.
- ✓ તબીબોની સુરક્ષા માટે સર્વોચ્ચ અદાલતે નિમેલી રાષ્ટ્રીય કાર્યદળની પ્રથમ બેઠકમાં વિવિધ હિત ધારકોના સૂચનો અંગે ચર્ચા કરાઈ
- ✓ કોલકાતાના હાવડા બ્રીજ ખાતે પ્રદર્શનકારીઓ સાથે ઘર્ષણ થતા પોલીસે લાઠીચાર્જ અને ટિયરગેસના સેલ છોડાયા
- ✓ ગુજરાત, મધ્ય પ્રદેશ સહિત દેશના કેટલાંક ભાગોમા ભારેથી અતિ ભારે વરસાદની આગાહી
- ✓ અને પેરિસ ખાતે પેરાલિમ્પિક ખેલોનો મધ્યરાત્રીથી પ્રારંભ, ભારતીય ખેલાડીઓ વધુ ચંદ્રકો જીતવાની આશા સાથે મેદાનમાં ઉતરશે

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MODI PUTIN TALK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિન સાથે આજે મગંળવારે ફોન પર વાત કરી હતી. તેમણે યુક્રેન પ્રવાસના અનુભવો વિશે વાત કરી, ઉપરાંત બંને દેશોના નેતાઓ વચ્ચે રશિયા -યુક્રેન યુદ્ધને લઈને પણ ચર્ચા થઈ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે નેતાઓએ બંને દેશો વચ્ચે રાજદ્વારી ભાગીદારીને મજબૂત કરવાના ઉપાયો અંગે પણ ચર્ચા કરાઈ. પીએમ મોદીએ વાટાઘાટોથી સંઘર્ષનું સમાધાન મેળવી શકાય છે એ વાતનો પુનરોચ્ચાર કર્યો.

ઉલ્લેખનીય છે કે યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમીર ઝેલેન્સ્કીએ બીજા યુક્રેન શાંતિ શિખર સંમેલનની યજમાની કરવા માટે ભારતના નામનો પ્રસ્તાવ મૂક્યો છે.

## S JAYSHANKAR

વિદેશમંત્રી એસ જયશંકરે બ્રાઝિલની G-20 અધ્યક્ષતા માટે ભારતના પૂર્ણ સમર્થનનો પુનરોચ્ચાર કર્યો છે. આજે દિલ્હીમાં 9મી ભારત – બ્રાઝિલ સંયુક્ત પંચની બેઠકમાં ડૉ. જયશંકરે ટકાઉ વિશ્વના નિર્માણ વિષય વસ્તુ પર કેન્દ્રિત બ્રાઝિલની અનન્ય પહેલની પ્રશંસા કરી હતી.

તેમણે ઉમેર્યું કે વર્ષ 2006થી ભારત અને બ્રાઝિલ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીની શરૂઆત થઈ હતી તે સમય સાથે વૈવિધ્યસભર બની છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બ્રાઝિલ સાથેના દ્વીપક્ષીય સંબંધો સંરક્ષણ, અવકાશ, સુરક્ષા સહિત સાયબર સુરક્ષા વેપાર અને રોકાણ સહિત વ્યાપક ક્ષેત્રોમાં ફેલાયેલા છે.

## TASK FORCE – MEETING

તબીબોની સુરક્ષા, અને કાર્યપ્રણાલીમાં ભારણ અંગે સર્વોચ્ચ આદાલતે નિમેલી રાષ્ટ્રીય કાર્યદળ- NTFની પ્રથમ બેઠક આજે મળી હતી. કેબિનેટ સચિવની અધ્યક્ષતામાં આયોજીત આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ અને આરોગ્ય સચિવ સહિતના સભ્યોએ હાજર રહીને પોતાના સૂચનો આપ્યા હતા.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે દેશભરમાંથી નાગરિકો, વિવિધ હિત ધારકો પાસેથી સૂચનો મેળવવા હેતુ NTF માટે સૂચનો મથાળા હેઠળ એક રાષ્ટ્રીય પોર્ટલ તૈયાર કર્યું છે.

મંત્રાલયે રાજ્યોને વિનંતી કરી છે કે તેઓ રાજ્યમાં તબીબી સંસ્થાઓમાં ઉપલબ્ધ સુરક્ષા પ્રણાલી અને પ્રયાસો વિશે માહિતી પ્રદાન કરે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે મુખ્ય હિત ધારકો અને પોર્ટલ પર આવેલા સૂચનોને રાષ્ટ્રીય કાર્યદળને વિચારણા અર્થે મોકલી આપ્યા છે. NTFના સભ્યોએ જણાવ્યું છે કે વિવિધ હિત ધારકો અને નાગરિકો દ્વારા તેમને ત્રણસોથી ચારસો જેટલા સૂચનો મોકલવામાં આવ્યા છે.

NTFના સભ્યો આવતીકાલે રાજ્યના મુખ્ય સચિવો અને ડીજીપી સાથે તબીબોની સુરક્ષાના પગલાં અંગે ચર્ચા કરવા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠક કરશે.

## EVE WB-STUDENTS RALLY

કોલકાતાના હાવડા બ્રીજ ખાતે આજે પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. વિદ્યાર્થી સંગઠનો દ્વારા આયોજીત નિબન્ના અભિયાન રેલી દરમિયાન હજારોની સંખ્યામા પ્રદર્શનકારીઓએ આર. જી. કર કૉલેજમાં દુષ્કર્મ અને હત્યા મામલે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

પ્રદર્શનકારીઓને વિવિધ સ્થળોએ અટકાવવામાં આવ્યા હતા, કેટલાક પ્રદર્શનકારીઓએ બેરિકેડનો ભઁગ કર્યો હતો. દરમિયાન પોલીસે ટોળાને વિખેરવા માટે લાઠીચાર્જ, તેમજ વોટર કેનન અને ટીયર ગૅસનો મારો કર્યો હતો. સ્થિતિને જોતા કેટલાક સ્થળોએ બેરિકેડ્સને વેલ્ડિંગ અને સિમેન્ટથી બનાવવામાં આવ્યા હતા.

આ પૂર્વે બંગાળ પોલીસે પરવાનગી નહીં આપવા છતાં પશ્ચિમ બંગા છાત્ર સમાજ અને સંગ્રામી જૂથ મંચ દ્વારા આ રેલીનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થી સંગઠનો મુખ્યમંત્રી મમતા બેનર્જીના રાજીનામાની માગ કરી રહ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## GUJARAT RAIN

ગુજરાતમાં સતત ત્રીજા દિવસે વરસાદને પગલે અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાહત અને બચાવ કામગીરીના પગલાની સમીક્ષા કરી હતી. સમગ્ર રાજ્યમાં મોસમનો સરેરાશ ૯૯.૬૬ ટકા વરસાદ વરસ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૩ જિલ્લામાં ૨૫૧ તાલુકાઓમાં વરસાદ પડ્યો છે, જેમાં સૌથી વધુ મોરબી જિલ્લાના ટંકારા તાલુકામાં અંદાજે 14 ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જ્યારે રાજકોટમાં પાંચ ઇંચ વરસાદ નોંધાયો હતો.

રાજ્ય સરકારને આ વરસાદી આફતમાં બચાવ કામગીરી સહિતની મદદ માટે આર્મીની 6 કોલમ ફાળવવામાં આવી છે, ઉપરાંત NDRF ની 14 પ્લાટૂન અને એસ ડી આર એફ ની 22 પ્લાટૂન પણ આપત્તિ વ્યવસ્થાપનમાં સહાયક બની છે તેની પણ વિગતો આપવામાં આવી હતી.

ઉપરાંત નેવી અને કોસ્ટગાર્ડ પણ બચાવ-રાહત કામગીરીમાં જોડાયાં છે.

પંચમહાલ જિલ્લામાં સૌથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. તેમજ વડોદરા અને જામનગરમાં એરફોર્સની મદદથી રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

અત્યાર સુધીમાં ૨૩,હજાર ૮૭૧ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે તેમજ ૧હજાર ૬૯૬ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં ભારે વરસાદની આગાહી અને ચેતવણી હજુ યથાવત છે તે સંજોગોમાં નાગરિકો, પ્રજાજનોને પણ સાવચેતી-સલામતી રાખવા અનુરોધ કર્યો હતો.

## IMD

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગામી ત્રણથી ચાર દિવસ સુધી દેશના પશ્ચિમ, મધ્ય અને દરિયાકાંઠાના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તર ગુજરાત પરની ભારે દબાણની પરિસ્થિતી છેલ્લા 6 કલાકમાં પશ્ચિમ તરફ આગળ વધતાં 29મી ઓગસ્ટની સવાર સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠા અને ઉત્તરપૂર્વ અરબી સમુદ્રની આસપાસના વિસ્તારોમાં પહોંચશે.

જેની અસર હેઠળ, ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ, રાજસ્થાન, દરિયાકાંઠાના કર્ણાટક, કેરળ, ઝારખંડ, કોંકણ અને ગોવા, ઓડિશા, મધ્ય મહારાષ્ટ્ર, છત્તીસગઢ, તેલંગાણા, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં આગામી 31મી ઓગસ્ત સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે

## JAMMU KASHMIR

જમ્મૂ કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ હતો. આ તબક્કામાં છ જિલ્લાની 24 બેઠકો માટે 18 સપ્ટેમ્બરના રોજ મતદાન થશે. ઉમેદવારી પત્રોની ચકાસણી આવતીકાલે થશે. 30 ઑગસ્ટ સુધી ઉમેદવારી પરત ખેંચી શકાશે. આગામી બે તબક્કા માટે 25 સપ્ટેમ્બર અને 1 ઑક્ટોબરના રોજ મતદાન થશે. મતગણતરી 4 ઑક્ટોબરના રોજ થશે.

## PARKINSON'S SENSOR

ભારતીય તબીબી વૈજ્ઞાનિકોએ પાર્કિન્સન રોગના નિવારણ માટે દવાના પ્રમાણને નિર્ધારિત કરવા હેતુથી એક નવું સ્માર્ટ સેન્સર વિકસાવ્યું છે. તે સ્માર્ટફ઼ોન આધારિત ફ઼્લોરસેન્સ ટર્ન-ઓન સિસ્ટમ છે, જે સસ્તું અને વપરાશકર્તા માટે અનૂકળ છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ઼ એડવાન્સ્ડ સ્ટડીઝ ઇન સાયન્સ એન્ડ ટેક્નોલોજીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ સેન્સર શરીરમાં એલ-ડોપાનું પ્રમાણ સમજવામાં મદદરૂપ બનશે, જે દ્વારા રોગના અસરકારક નિયંત્રણ માટે જરૂરી માત્રા નક્કી કરવામાં

મદદ મળશે. એલ-ડોપા એ એક રસાયણ છે જે માનવ શરીરમાં ડોપામાઇનમાં રૂપાંતરિત થાય છે અને પાર્કિન્સન વિરોધી દવા તરીકે કામ કરે છે.

## SC KAVITHA BAIL

સર્વોચ્ચ અદાલતે દિલ્હી આબકારી નીતિમાં કથિત કૌભાંડ મામલે ભારત રાષ્ટ્ર સમિતિના નેતા કે કવિતાને જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે.

ન્યાયાધીશ બી. આર. ગવઈ અને કે. વી. વિશ્વનાથને સુનાવણી દરમિયાન નોંધ્યું કે કવિતા છેલ્લા પાંચ મહિનાથી જેલમાં બંધ છે. સર્વોચ્ચ અદાલતે વડી અદાલતના જામીન નહીં આપવાન નિર્ણયને ફગાવ્યો હતો.

પ્રવર્તમાન નિદેશાલય – EDએ ગત 15 માર્ચના રોજ હૈદારબાદના બંજાર હિલ્સ ખાતેથી કે કવિતાની ધરપકડ કરાઈ હતી. ત્યાર બાદથી તેઓ તિહાડ જેલમાં બંધ હતા. બાદમાં સીબીઆઈએ 11 એપ્રિલના રોજ તિહાડ જેલથી તેમની ધરપકડ કરી હતી.

## BALOCHISTAN ATTACK

અશાંત બલૂચિસ્તાનમાં આતંકી હુમલાઓ મામલે પાકિસ્તાનના પ્રધાનંમત્રી શહબાજ શરીફે આજે મૌન તોડ્યુ હતું. તેમણે કેબિનેટ બેઠકને સંબોધતા જણાવ્યું કે આતંકવાદીઓ સાથે ના તો વાટાઘાટો થઈ શકે, ના તો તેમના પ્રત્યે નરમ વલણ અપનાવી શકાય.

પ્રધાનમંત્રી શાહબાજ શરીફે જણાવ્યું કે હવે આતંકવાદને ઉખાડી ફેંકવાનો સમય આવી ગયો છે. વધુમાં તેમણે ઉમેર્યું કે સરકાર આ હેતુથી સશસ્ત્ર દળોને તમામ સાધનો ઉપલબ્ધ કરાવશે.

ઉલ્લેખનીય છે કે દક્ષિણ-પશ્ચિમ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં બે જુદા જુદા આતંકવાદી હુમલામાં 70 થી વધુ લોકો માર્યા ગયા છે. બલૂચિસ્તાન

પ્રાંતમાં ઘણા વર્ષોથી વિદ્રોહ ચાલી રહ્યો છે, ઘણા સશસ્ત્ર જૂથો ત્યાં હાજર છે. માનવ અધિકાર જૂથોએ બલૂચિસ્તાન ચળવળ પર પાકિસ્તાનના પ્રતિસાદની નિંદા કરી છે.

## PERALYMPIC

પેરિસમાં પેરાલિમ્પિક રમતોની શરૂઆત થઈ રહી છે. આ ખેલોમાં ભારતના 84 ખેલાડીઓ, 12 જેટલી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે. ભારતે 2021માં ટોકિયોમાં આયોજીત પેરાલિમ્પિકમાં પાંચ સુવર્ણ ચંદ્રક સહિત 19 ચંદ્રકો જીત્યા હતા, અને ભારત ચંદ્રકોની યાદીમાં 24માં ક્રમાંકે રહ્યું હતું. ત્રણ વર્ષ બાદ ભારતીય ખેલાડીઓ અને એથલિટ્સનું લક્ષ્ય વધુમાં વધુ ચંદ્રકો જીતવાનું છે.